# કૃષ્ણનગર પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અમદાવાદ શહેર

ફોન નં-૦૭૯,૨૨૮૨૧૪૫૧,૬૧

ઇ-મેલ :- polstn-krush-ahd@gujarat.gov.in


## પ્રેસનોટ

## તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ઓટો રિક્ષા ચોરને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-ર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર ખાતે HS MCR તેમજ નાસતા ફરતા આરોપીઓ ચેક કરવા તથા મિલકત સબંધી ગુન્હાઓ સોધી કાઢવા તેમજ બનતા ગુન્હાઓ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે અનુસંધાને કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સર્વે.સ્કોર્ડના માણસો તા.૧૩/૦૧/૨૦૨૦ ના રોજ સવારના સમયે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વે.કોર્ડ.ના **લોકરક્ષક લાલાભાઇ દેવાભાઇ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે "એક ઇસમ કે જેણે શરીરે કાળા કલરનો શર્ટ તથા બ્લ્યુ કલરનું જીન્સ નું પેન્ટ પહેરેલ છે તે ઇસમ એક સી.એન.જી.ઓટો રિક્ષા લીલા-પિળા કલરની લાલ હુડ વાડી જેનો નંબર GJ-01-CX-2636 નો છે તે લઇને કાવ્યા રેસીડેન્સી ઠક્કરનગર કેનાલ ઉપરથી ઠક્કરનગર વેરા થઇ ઠક્કરનગર ચાર રસ્તા તરફ પસાર થનાર છે અને તે રિક્ષા અત્રેના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં-૩૮/૨૦૨૦ ઘી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબના કામે ચોરી ગયેલ ઓટો રિક્ષા છે" જે બાતમી આધારે સદરી ઇસમને ઠક્કરનગર વેરા પાસે છુટા છવાયા ગોઠવાઇ વોચ કરતા હતા તેવામાં કાવ્યા રેસીડેન્સી ઠક્કરનગર કેનાલનો બ્રીજ પાર કરતા-કરતા સદરી નંબરની ઓટો રિક્ષા આવતા જેમાં ઉપરોકત વર્ણન વાળો ઇસમ રિક્ષા ચલાવતો જણાયેલ જે સાથેના પંચોને દુરથી ઓળખી બતાવેલ અને વેરા તરફ રિક્ષા વળાવતા વોચમાં રહી પંચોની હાજરીમાં પકડી પાડી આરોપી પાસેથી ઓટો રિક્ષા (CNG) નંબર GJ-01-CX-2636 ની મળી આવેલ જે રિક્ષાના આધાર પુરાવા બીલો માંગતા પોતાની પાસે ન હોય અને ગલ્લા-તલ્લા કરવા લાગેલ અને સદરીની પૂછપરછ માં આરોપીએ ગઇ તા.૧૧/૦૧/૨૦૨૦ ના રોજ ઘરે એકલો રહેતો હોય અને કોઇ કામ ધંધો ન હોય પોતાનાજ ફલેટની પાર્કિંગમાં એક ઓટો રિક્ષા પડેલ હતી અને રાતના સમયે આજુ-બાજુમાં કોઇ ન જણાતા જેને ડુપ્લીકેટ ચાવી લગાવતા લાગી જતા તેની ચોરી છુપીથી ચોરી કરી લઇ ગયેલનું જણાવેલ જે બાબતે અત્રેના પો.સ્ટે ખાત્રી કરતા કૃષ્ણનગર પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં-૩૮/૨૦૨૦ ઘી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય તે ડિટેક કરી મુદ્દામાલ રિકવર કરી આરોપીને તા.૧૩/૦૧/૨૦૨૦ ના ક.૧૧/૦૦ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૧૩/૦૧/૨૦૨૦

**આરોપીનું નામ-સરનામુ:-** કમલેશ ઉર્ફે રિન્કુ સ/ઓ મુલચંદભાઇ લકપતસિંહ જાતે સિકરવાર ઉ.વ.૨૮ ધંધો-મજુરી રહે.મ.નં-સી/૧,ભાગીરથ ઇન્ટરસીટી બાપા સિતારામ ચોક નવા નરોડા પો.ચોકીની બાજુમાં કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ સોન તા.ખેરાગડ જીલ્લો-આગ્રા ઉત્તર પ્રદેશ

**આરોપીનો પુર્વ ઇતિહાર:-**

આ કામે આરોપી ધોરણ-૧૦ પાસ છે અને અગાઉ કૃષ્ણનગર પો.સ્ટે માં મારા-મારીના ગુન્હાઓમાં પકડાયેલ છે અને આજથી ચાર વર્ષ પહેલા જૂનાગઢ ખાતે પાસા ભોગવી ચૂકેલ છે અને હાલ છુટક મજૂરી કરતો હોય આ ચોરી કરેલ જે ઓટો રિક્ષા સાથે ઉપરોકત ગુન્હામાં પકડાયેલ છે

**મુદ્દામાલ :-** એક CNG ઓટો રિક્ષા લીલા-પિળા કલરની લાલ હુડ વાડી જેનો નંબર GJ-01-CX-2636 જેનો ચે.નં.MD2AA24 ZZUNF579 80 તથા એન્જીન નં-24MBUF70945 નો જોતા વંચાય છે જે સને ૨૦૧૧ ના મોડલ જેની હાલની કિ.રૂ. ૧,૫૦,૦૦૦/-ની ગણી શકાય તે

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ રણજીતસિંહ રણછોડસિંહ બ.નં-૬૯૫૭ તથા એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૯૯ તથા અ.હેડ.કોન્સ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદુનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા લોકરક્ષક અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૫૦૯ તથા લાલાભાઇ દેવાભાઇ બ.નં-૪૮૩

આરોપીનો ફોટો



(વી.આર.ચૌધરી)
પોલીસ ઇન્સ્પેકટર
કૃષ્ણનગર પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર